ગાંધીનગર સમાચાર



### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સામે ફરીયાદ કરવા ગયેલા

# શક્તિસિંહે ત્રણ કલાક પોલીસ સ્ટેશનમાં બેસી રહેવુ પડ્યુ

**આખરે પોલીસે અરજી સ્વિકારવી પડી : દલીત સમાજની વિરૂદ્ધમાં સમાજમાં ધૃણા પેદા કરાવે અને વર્ગ વિગ્રહ પેદા કરે તેવો વિડીયો ફેસબુક ઉપર પોસ્ટ કરનાર તેલંગાણાના દંડક અને તેમની સામે એક્શન ન લેનાર ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સામે ગુનો દાખલ કરવા અરજી**



ગાંધીનગર, તા. ૨

ઉનાની ઘટનાનો વિડીયો વાયરલ થયા બાદ પોલીસે કરેલી તપાસમાં બહાર આવ્યુ હતુ કે સિંહે ગાયનું મારણ કર્યુ હતુ અને તે મૃત ગાયને દલીત યુવાનો લઈ જઈને તેમનો નિકાલ કરતા હતા. તેમ છતાં તેલંગાણાના દંડક ટી રાજાસિંગે પોતાના ઓફીશીયલ ફેસબુક પેજ પર વીડીયો પોસ્ટ કરી દલીતો જીવતી ગાયને કાપતા હોવાનો ઉલ્લેખ કરી વિવાદ ઉભો કર્યો હતો. આ મામલે શક્તિસિંહ ગોહિલે દલીત સમાજની વિરૂદ્ધમાં સમાજમાં ધૃણા પેદા કરાવવા તથા ગુજરાતભરમાં વર્ગવિગ્રહ પેદા કરાવવા બદલ દંડક અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સામે ગાંધીનગર સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે. ફરીયાદ કરવા ગયેલા શક્તિસિહે ત્રણ કલાક સુધી પોલીસ સ્ટેશનમાં કાર્યકરો સાથે બેસી રહેવુ પડ્યુ હતુ. જ્યા સુધી ફરીયાદ લેવી કે નહી તેનો 'ઉપર'થી નિર્ણય ન લેવાયો..! આખરે સે. ૨૧ પોલીસે અરજી સ્વિકારી તપાસ કર્યા બાદ ગુનો દાખલ કરવાની બાંહેધરી આપી હતી.

શક્તિસિંહ ગોહીલે સે. ૨૧ પોલીસ મથકમાં તેલંગાણા ભાજપના

● અનુસંધાન પાન-૫ પર

## પોલીસ સ્ટેશન બહારથી ૩૭ કાર્યકરો ડીટેઈન



શક્તિસિંહ ગોહીલ તથા કોંગ્રેસના ધારાસભ્યો અમિત ચૌધરી, કામિનીબેન, પ્રદેશ પ્રવક્તા નિશિત વ્યાસ સહિતના કોંગી આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેને ધ્યાને રાખીને પોલીસે ૩૭ જેટલા કાર્યકરો આગેવાનોની પોલીસ સ્ટેશન બહારથી અટકાયત કરી તેમને ડીટેઈન કરી લેવામાં આવ્યા હતા. કલાકમાં તેમને મુક્ત પણ કરી દેવામાં આવ્યા હતા.

# શહેરમાં આજથી બમ બમ ભોલેના જયઘોષથી શિવાલયો ગુંજી ઉઠશે

**વાવોલ રામજી મંદિરમાં શિવકથાનો પ્રારંભ થશે : સે-૭ માં શિવમંદિરે સવાલાખ પંચમુખી રૂદ્રાક્ષના દર્શન કરી ભાવિકો ધન્યતા અનુભવશે શહેરના શિવાલયોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જોવા મળશે : શિવમંદિરોમાં શિવલીંગ પર જળ અને દુધનો અભિષેક કરવા ભાવિકોની ભીડ જામશે**

ગાંધીનગર તા ૨

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતા આજથી નગરના શિવમંદિરોમાં ભાવિકોની ભીડ જામશે ભોળાનાથની પુજા અર્ચના અને ભકિતવંદના માટે વિવિધ શિવમંદિરોમાં વિશિષ્ટ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. બમ બમ ભોલેના જયઘોષ સાથે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે. શિવાલયોમાં શિવલીંગ પર જળ અને દુધનો અભિષેક કરીને શિવજીની કૃપા દ્રષ્ટી મેળવવા ભાવિકો ભકિતરસમાં તરબોળ થશે. નગરના વિવિધ શિવમંદિરોમાં લઘુરુદ્ર, શિવકથા, ભજન મહાઆરતી અને શિવમહીમ્ન સ્તોત્રના પાઠ સહીતના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.

સાબરમતીના કિનારે ભાટ ખાતે આવેલ કોટેશ્વર મહાદેવ ખાતે મહાદેવના શણગાર કરાયા હતા.

પવિત્ર શ્રાવણ માસનો બુધવારથી પ્રારંભ થનાર છે. ત્યારે નગરના શિવાલયોમાં શિવજીની ભકિત આરાધના માટે તૈયારીઓ કરી દેવાઈ છે. ભાવિકોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. શહેરના પંચદેવ મંદિર તેમજ વૈજનાથ મહાદેવ ,સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે પણ શિવપુજાને અનુલક્ષી વિવિધ ધાર્મિક



કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.સે-૭

● અનુસંધાન પાન-૫ પર

# જિલ્લાની ૨૨ ગ્રામ પંચાયતો પાસે પંચાયત ઘર જ બેસવા માટે નથી

**દહેગામની ૫, કલોલની ૧૦ અને ગાંધીનગરની ૭ ગ્રામ પંચાયતોમાં આ સ્થિતિ છે : પંચાયતોની આર્થિક સ્થિતિ પણ અત્યંત નાજુક છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લો રાજ્યનો પાટનગર જિલ્લો હોવા છતાં આ જિલ્લામાં આજે પણ ૨૨ ગ્રામ પંચાયતો એવી છે જેની પાસે પંચાયત ઘર જ નથી.

વિકાસનું આયોજન ગાંધીનગરમાંથી થાય પણ જિલ્લામાં જ આ પરિસ્થિતિ દિવા તળે અંધારૂ દર્શાવે છે. જે ગ્રામ પંચાયતો પાસે પંચાયત ઘર નથી તેમાં દહેગામની ૫ ગ્રામ પંચાયત, ગાંધીનગર તાલુકાની ૭ અને કલોલ તાલુકાની ૧૦ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકાની ૩ ગ્રામ પંચાયતોના પંચાયત ઘર સાવ જર્જરિત હાલત ધરાવે છે જે ઉલ્લેખનીય છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૫ ગ્રામ પંચાયતોના મકાન રિપેરીંગ પાત્ર બની ગયા છે. જેમાં દહેગામની ૧૬ ગ્રામ પંચાયતો, ગાંધીનગરની ૬ ગ્રામ પંચાયતો અને માણસાની ૩ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. જિલ્લામાં પંચાયતી રાજની સુવર્ણ જયંતિના અવસરો ઉજવાયા, રાજ્યમાં અવસરો ઉજવાયા પણ આ દિશામાં કોઈએ નક્કર કામગીરી કરી નથી.

● અનુસંધાન પાન-૫ પર

# સે. ૮માં ૧૫ સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સે. ૮માંથી આજે ૧૫ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળી આવતાં સેક્ટરના રહીશોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

સે. ૮ની સ્વૈચ્છિક મહિલા સંગઠન અને મેલેરિયા તંત્રની ટીમે કરેલા સર્વેલન્સમાં આ પોરા મળી આવ્યા હતા. તંત્રએ મહિલા સંગઠનની બહેનોને પોરાનાશક કામગીરી કેવી રીતે કરી શકાય તેની પણ સમજૂતી આપી આ કામગીરી કરી હતી.

સુધાબેન પટેલ સેક્ટર-૮માં રહેતા તેમની બહેનોની આશરે ૧૫ થી ૨૦ બહેનોએ સેક્ટર-૮ને મચ્છર મુક્ત કરવાનું બીડુ ઝડપ્યુ છે. ઘરે ઘરે જઈ મચ્છર ઉત્પત્તિ અટકાયત પગલાંઓ લઈ રહ્યા છે. ઘરમાં પક્ષી કુંજ, કુંડા, ધાબા પર, ટાંકા ટાંકીમાં સોર્સ રીડકશન પદ્ધતિથી કામ કરી રહ્યા છે.

આજરોજ બાયોલોજીસ્ટ, મેલેરીયા ઈન્સ્પેક્ટરની મુલાકાત દરમિયાન માર્ગદર્શન અપાયુ છે. આજ રોજ તેઓની ટીમ દ્વારા ૨૦૦ ઘરની મુલાકાત લઈ ૯૬૧ જેટલા પાત્રો તપાસ્યા અને ૧૫ જગ્યાએથી ડેન્ગ્યુના પોરાનો નાશ કર્યો હતો.

# ગાંધીનગર સમાચાર પરિવારના ભરતભાઈ પટેલના મોટાભાઈનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સમાચાર પરિવારના ભરતભાઈ પટેલના મોટાભાઈ મણીલાલ માધવદાસ પટેલનું સોમવારે તા. ૧-૮-૨૦૧૬ના રોજ રખિયાલ ખાતે ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતની અંતિમયાત્રામાં જ્ઞાતિજનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સદગતના પુત્ર વિમલકુમાર પટેલે સદ્‌ગતના પાર્થિવ



દેહનો અંતિમ સંસ્કાર કર્યો હતો.

સદ્‌ગત મણીલાલ માધવદાસ પટેલ નખશીખ શિક્ષણપ્રેમી હતા. રખિયાલની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી પ્રકાશ વિદ્યાલયના ટ્રસ્ટી તરીકે સેવાઓ આપતા હતા. સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સદ્‌ગત મણીલાલ પટેલ સામાજીક સુધારાઓના હિમાયતી હતી.

સદ્‌ગતનું બેસણુ તા. ૫-૮-૨૦૧૬ને શુક્રવારે સવારે ૮ થી ૧૧ દરમિયાન સદ્‌ગતના નિવાસસ્થાને ૬૪, આવકાર સોસાયટી, રખિયાલ, તા. દહેગામ ખાતે રાખેલ છે.

# ગાંધીનગરના જન્મદિવસની ભવ્ય ઉજવણી

**ગાંધીનગર વિશ્વનુ શ્રેષ્ઠ શહેર બને તે માટે સૌ સહભાગી બને : રાજયપાલ : જી ઇ બી ખાતે પ્રથમ ઇંટ મુકાઇ હતી તે સ્થળે તકિત પુજન : ટાઉનહોલમાં પણ રાત્રિના કેક કાપી નાગરિકોએ એકમેકને જન્મદિવસની શુભકામના પાઠવી : સે-૨૩ કડી કેમ્પસથી બેન્ડની સુરાવલી સાથે વિદ્યાર્થીઓની જનજાગૃતિ રેલી યોજાઇ : નગરને સ્વચ્છ, સુંદર, હરિયાળુ અને સ્માર્ટ સીટી બનાવવા માટેનો સંકલ્પ : પ્રભારી સચિવ સંજીવકુમાર**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના ૫૨ માં સ્થાપના દિવસની ઉજવણી અન્વયે શહેરમાં વિવિધ ત્રણ સ્થળોએ કેક કાપીને નગરને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. કલ્ચરલ ફોરમ દ્વારા ટાઉનહોલ ખાતે રાત્રિના ૧૨ કલાકે ઢોલ અને શરણાઈ વાદન સાથે કેક કાપીને મહાનુભાવોની હાજરીમાં નગરને હેપ્પી બર્થ ડે ની શુભકામના પાઠવવામાં આવી હતી. જયારે શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે નગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે તકિત પુજન કરી કેક કાપીને નગરનો ૫૨ મો જન્મદિવસ પરંપરાગત રીતે ઉજવાયો હતો.રાજભવન ખાતે પણ રાજયપાલના હસ્તે એકતાના પ્રતિકરૂપે લીમડા ,વડ અને પીપળાના રોપાઓની વાવણી કરી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વર્ષ ૧૯૬૫ દરમિયાન જી ઈ બી સ્થિત ગેસ્ટ હાઉસ ખાતે નગરની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી. ગાંધીનગર આજકાલ કરતા આજે ૫૨ માં વર્ષમાં પ્રવેશતા નગરની સાંસ્કૃતિક અને સેવાભાવી સંસ્થાઓ તેમજ કોર્પોરેશન દ્વારા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના ૫૨ માં જન્મદિવસની ઉજવણી અન્વયે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ટાઉનહોલ ખાતે કેક કાપીને નગરની સુખાકારી અને વિકાસ માટે એકમેકને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ઢોલ અને શરણાઈવાદન સાથે ટાઉનહોલમાં મહાનુભાવોના હસ્તે હેપ્પી બર્થ ડે ટુ ગાંધીનગરની કેક કાપવામાં આવી હતી.ફુગ્ગાથી શુશોભિત ટાઉનહોલમાં નગરજનોનુ મોં મીઠુ કરાવી જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. નગરના મેયર પ્રવિણ પટેલ,ગુડાના ચેરમેન આશિષ દવે ધારાસભ્ય અશોક પટેલ,મહાનગરપાલિકાના કમિશ્નર ડી એન મોદી,ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, નાગરિક બેંકના ચેરમેન હીમાંશુ પટેલ, ગુડાના પુર્વ ચેરમેન અશોક ભાવસાર પ્રદેશ કોંગ્રેસના અગ્રણી નિશિત વ્યાસ, કોંગ્રેસના ડો કૌશિક શાહ, કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ ઉપરાંત કલ્ચરલ ફોરમના તમામ હોદેદારો સહિત સંસ્થાના સભ્યો તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પણ જી ઈ બી ગેસ્ટ હાઉસ ખાતે જયાં નગરના વિકાસની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે સ્થળે તકિતનું પુજન કરી કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેકટર સતીષ પટેલ, મેયર પ્રવિણ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે ધારાસભ્ય અશોક પટેલ જી ઇ બી થર્મલ પાવર સ્ટેશનના ચીફ એન્જિનિયર ભટ્ટ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ મયુર વ્યાસ, સુધીર દેસાઈ, સીતારામ પટેલ, બી એ શુકલ, કીશોર જીકાદરા સહીતના આગેવાનોની હાજરીમાં કેક કાપીને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ તબકકે પ્રભારી સચિવ સંજીવકુમારે નગરને સ્વચ્છ સુંદર અને હરિયાળુ સીટી બનાવવા સૌ કોઈને સંકલ્પ કરવા અપીલ કરી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર એજયુકેશનલ હબ બની ગયુ છે. જયારે હાઈફાઈ નગર હવે સ્માર્ટ સીટી બનવા તરફ છે ત્યારે વસાહત મહામંડળના હકારાત્મક અને સકારાત્મક અભિગમને પણ તેમણે બિરદાવ્યો હતો. મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ સંસ્થા દ્વારા સતત ૩૫માં વર્ષે આ સ્થળે જન્મદિવસની ઉજવણી કરવામાં આવતી હોવાનુ જણાવી દાયકાઓ પુર્વે આંધીનગર ભાસતુ શહેર ગ્રીનસીટી બન્યા બાદ હાઈટેક સીટી બનવાની દિશામાં છે. ત્યારે વહીવટીતંત્ર શહેરના વિકાસમાં વધુ રસ દાખવશે તેવી આશા પણ વ્યકત કરી હતી. ત્યારબાદ સે-૨૩ કડી કેમ્પસ ખાતેથી ઘ-૫ સુધી વિદ્યાર્થીઓની રેલી પણ યોજવામાં આવી હતી જેમાં ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.







એસ આર પી ગૃપના ૧૨ના બેન્ડ સાથે રેલી યોજાઈ હતી. વિદ્યાર્થીઓ પણ પર્યાવરણ અને જળ બચાવો સાથે વ્યસન મુકિત,કલિન સીટી, ગ્રીનસીટીનો મેસેજ પાઠવવામાં આવ્યો હતો. બેન્ડની સુરાવલી સાથે નીકળેલી જનજાગૃતિ રેલી આકર્ષણનુ કેન્દ્ર બની હતી. આ રેલીમાં મેયર અને ડેપ્યુટી મેયર સાથે કડી કેમ્પસના સોમભાઈ પટેલ, બચુભાઈ પટેલ,ચેતના બુચ સહીત મહામંડળના પદાધિકારીઓ પણ જોડાયા હતા. કોર્પોરેશન દ્વારા પણ રાજભવન ખાતે નગરના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મેયર તેમજ મહાનગર પાલિકાના અધિકારીઓની હાજરીમાં રાજયપાલ ઓ પી કોહલી દ્વારા કોમી એકતાના પ્રતિકરૂપે લીમડા ,વડ અને પીપળાના રોપાઓની વાવણી કરવામાં આવી હતી.રાજયપાલે આ પ્રસંગે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર આંતરરાષ્ટ્રીય સ્તેર આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. ત્યારે વિશ્વનુ શ્રેષ્ઠ શહેર બને તે માટે સૌ કોઈને સહભાગી થવા પણ તેમણે જણાંવ્યુ હતુ. આ તબક્કે મેયર પ્રવિણ પટેલે વિવિધ વિકાસ કાર્યોની વિગતો આપી નાગરિકોની સુખાકારી માટે મહાનગરપાલિકા સમર્પિતભાવે સેવારત રહેશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com